*Gujarati*

# ધાર્મિક વૈવિધ્ય વિશે નિવેદન

ન્યુ ઝીલેન્ડ અનેક આસ્થાઓનો દેશ છે જેમાં એક ખાસ્સી મહત્ત્વપૂર્ણ લઘુમતિ કોઇ જ ધર્મનું અનુસરણ કરતી નથી. વધતી જતી ધાર્મિક વિવિધતા જાહેર જીવનનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે.

1840 માં ટ્રીટી ઑફ વેઇતાંગીમાં સહી થઇ ત્યારે ગર્વનર હોબસને કેથોલિક બિશપ પોમ્પાલિયરના એક સવાલના જ્વાબમાં જાહેર કર્યું, “ઇંગ્લેન્ડની અનેક આસ્થાઓ (માન્યતાઓ), વેસ્લિયનોની, રોમની અને માઓરીઓના રિવાજની પણ એક સમાન સુરક્ષા કરવામાં આવશે.” આ ફાઉન્ડેશન ન્યુ ઝીલેન્ડમાં આસ્થાઓના વૈવિધ્યને સ્વીકૃતિને ફરી જાહેર કરવાની તક આપે છે.

ખ્રિસ્તી ધર્મે ન્યુ ઝીલેન્ડના રાષ્ટ્રની ઓળખ, સંસ્કૃતિ, માન્યતાઓ, સંસ્થાઓ અને મૂલ્યોના ક્ષેત્રમાં વિકાસમાં એક ઘડતર કરનારની ભૂમિકા ભજવી છે અને હજુ પણ ભજવી રહ્યો છે.

નવા વસાહતીઓ ધર્મની દૃષ્ટિએ હંમેશા વિવિધ રહ્યાં છે, પણ હમણાં, છેલ્લા થોડાક જ સમયથી એશિયા, આફ્રિકા અને મધ્ય પૂર્વમાંથી થતા દેશાંતરના પરિણામે તેમનાં કેટલાંક આસ્થા સમુદાયોની સંખ્યા ઘણી વધી ગઇ છે. અમારા સમાજમાં ભજવવા માટે આ સમુદાયો પાસે એક હકારાત્મક ભૂમિકા છે. આ સંદર્ભમાં અમે ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર અને ધાર્મિક સમુદાયોની જ્વાબદારીઓને માન્યતા આપીએ છીએ.

સર્વસામાન્ય માનવાધિકાર જાહેરનામા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ - Universal Declaration of Human Rights) અને નાગરિક અને રાજનૈતિક અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરારનામા (ઇન્ટરનેશનલ કોવેનન્ટ ઑન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સ - International Covenant on Civil and Political Rights) સહિતના આંતરરાષ્ટ્રીય કરારનામાઓ ધર્મ અને આસ્થા સંબંધી સ્વતંત્રતાના અધિકાર - કોઇ માન્યતા રાખવાનો અધિકાર, પોતાનો ધર્મ કે આસ્થા બદલવાનો અધિકાર; અને કશામાં આસ્થા ન રાખવાના અધિકાર નું સમર્થન કરે છે. આ અધિકારો ન્યુ ઝીલેન્ડના અધિકારોના ખરડાનો કાયદો (બિલ ઑફ રાઇટ્સ એક્ટ - New Zealand Bill of Rights Act) અને માનવ અધિકાર કાયદા (હ્યુમન રાઇટ્સ એક્ટ - Human Rights Act) માં પ્રતિબિંબિત થાય છે. ધાર્મિક સ્વતંત્રતાના અધિકારમાં બીજાઓને આ અધિકાર આપવાનો અને તેમના માનવ અધિકારોનો ભંગ ન કરવાનો સમાવેશ થાય છે.

નિમ્નલિખિત નિવેદન ન્યુ ઝીલેન્ડના વિવિધ આસ્થા સમુદાયોને અને તેમના એક-બીજા સાથે, સરકાર સાથે અને સમાજના અન્ય જૂથો સાથેના સુમેળભર્યા પારસ્પારિક વ્યવહારને માન્યતા આપવા માટેનું માળખું પૂરું પાડે છે:

### *1. રાજ્ય અને ધર્મ*

રાજ્ય બધા જ આસ્થા સમુદાયો અને જેઓ કોઇ પણ ધર્મનું અનુસરણ ન કરતા હોય તેમને કાયદાની દૃષ્ટિએ સમાન ગણે છે. ન્યુ ઝીલેન્ડનો કોઇ ઔપચારિક કે સ્થાપિત ધર્મ નથી.

### *2. ધર્મનો અધિકાર*

ન્યુ ઝીલેન્ડ ધર્મ અને આસ્થાના સ્વાતંત્ર્યના અધિકાર અને ધર્મ અને અન્ય માન્યતાના આધાર પાર ભેદભાવમાંથી મુક્તિના અધિકારનું સમર્થન કરે છે.

### *3. સુરક્ષાનો અધિકાર*

આસ્થા સમુદાયો અને તેમના સભ્યોને સુરક્ષા અને સુરક્ષિતતાનો અધિકાર છે.

### *4.અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર*

અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને પ્રસાર માધ્યમોનું સ્વાતંત્ર્ય લોકતંત્ર માટે ખૂબ જરુરી છે પણ તેમનો ઉપયોગ જ્વાબદારીપૂર્વક થવો જોઇએ.

### *5. માન્યતા અને સુગમતા*

શૈક્ષણિક અને કાર્ય વાતાવરણોમાં અને જાહેર સેવાઓ પૂરી પાડવામાં વિવિધ ધાર્મિક માન્યતાઓ અને રીતિઓને માન્યતા આપવા માટે અને તેમના માટે સુગમતા કરી આપવા માટે વાજબી પગલાં લેવાવાં જોઇએ.

### *6. શિક્ષણ*

શાળાઓએ તેમના રાષ્ટ્રીય અને સ્થાનિક સમુદાયનું વૈવિધ્ય પ્રતિબિંબિત થાય તે રીતે જુદા જુદા ધર્મો અને આધ્યાત્મિક પરંપરાઓની સમજૂતિ શીખવવી જોઇએ.

***7.ધાર્મિક મતમતાંતર***
ધાર્મિક માન્યતાઓ વિશે ચર્ચા અને અસંમતિ તો ઉદ્ભવશે, પણ તે કાયદાની સીમામાં અને હિંસાનો આશ્રય લીધા વિના થવી જોઇએ.

***8. સહકાર અને સમજદારી***
સરકાર અને આસ્થા સમુદાયોની એક-બીજા સાથે હકારાત્મક સંબંધો બાંધવા અને જાળવવાની, અને પરસ્પર આદર અને સમજદારીને પ્રોત્સાહન આપવાની જવાબદારી છે.

*ધાર્મિક વૈવિધ્ય વિશેનું નિવેદન ટી ન્ગીરા (Te Ngira) , ન્યુ ઝીલેન્ડના વૈવિધ્ય સક્રિયતા કાર્યક્રમ (ન્યુ ઝીલેન્ડ ડાયવર્સિટી એક્શન પ્રોગ્રામ) ની એક યોજના છે. તેને વિક્ટોરિયા યુનિવર્સિટી રિલિજ્યસ પ્રોગ્રામ દ્વારા આસ્થા સમુદાયો અને માનવાધિકાર પ્રતિનિધિઓના એક સલાહકાર મંડળ સાથે મળીને તૈયાર કરવામાં આવ્યું હતું અને તે માનવ અધિકાર પંચ (હ્યુમન રાઇટ્સ કમિશન) દ્વારા સંકલિત એક રાષ્ટ્રવ્યાપી ચર્ચાનો વિષય હતું.*

*આ નિવેદનને ફેબ્રુઆરી 2007માં હેમિલ્ટનમાં યોજાયેલ નેશનલ ઇન્ટરફેઇથ ફોરમમાં સતત ચાલુ રહે એવી જાહેર ચર્ચાના મૂળ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. સંસ્થાઓને નિવેદનની પુષ્ટી કરવા અને ભવિષ્યમાં વિચારણા માટે વધુ સૂચનો કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. વધુ માહિતી માટે અહીં જાવ*
***www.hrc.co.nz/religiousdiversity.***

*જો તમે ન્યુ ઝીલેન્ડ ડાયવર્સિટી એક્શનનું માસિક આંતરધર્મ ઇ-ન્યુઝલેટર ટી કોરોવાઇ વ્હેકાપોનો (Te Korowai Whakapono) મેળવવા માંગતા હો, તો nzdiversity@hrc.co.nz પર ઇ-મેઇલ કરો.*

*આસ્થા સમુદાયોને ડાયવર્સિટી એક્શન પ્રોગ્રામમાં જોડાવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. વધુ માહિતી અને નોંધણી ફોર્મ માટે અહીં જાવ, www.hrc.co.nz/diversity.*

***સંપર્ક***
PO Box 6751, Wellesley Street
Auckland 1141, New Zealand
**ટેલિ:** ++ 64 9 309 0874 **નિઃશુલ્ક:** 0800 496 877
**ફેક્સ:** ++ 64 9 377 3593 **ટીટીવાય નંબર:** 0800 150 111
**ઇ-મેઇલ:** infoline@hrc.co.nz **વેબસાઇટ:** www.hrc.co.nz
***માંગણી કરવાથી લેંગ્વેજ લાઇન (એક દુભાષિયા સેવા) ઉપલબ્ધ છે.***